# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

==========================================================================

-: અખબારી યાદી :-

## <u>વૃંદાવન સોસાયટીમાં કોન્ટ્રાક્ટરના ખર્ચે ફરી વખત ડામર રીસર્ફેસિંગ કરવા મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલનો આદેશ</u>

તા.૧૧-૧૨-૨૦૧૯

રાજકોટ શહેરના વોર્ડ નં.૧૦માં આવેલ વૃંદાવન સોસાયટીની શેરી નં. ૪,૫,૬ અને ૭ માં ડામર રીકાર્પેટનું કામ કરનાર કોન્ટ્રાક્ટ એજન્સી શ્રી ઉદય કન્સ્ટ્રકશન દ્વારા શેરીના છેવાડાના ભાગમાં રીકાર્પેટ પર રોલિંગ કરાયું નહી હોવાથી આ કામમાં કોન્ટ્રાક્ટરની ક્ષતિ જણાતા મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે આ એજન્સીના ખર્ચે તેની પાસે જ ફરી વખત આ શેરીઓમાં ડામર રીસર્ફેસિંગ કરાવવા આદેશ કર્યો છે.

એક્શન પ્લાન હેઠળ નવેમ્બર માસમાં વોર્ડ નં.૧૦માં આવેલ વૃંદાવન સોસાયટીની શેરી નં. ૪,૫,૬ અને ૭ માં ડામર રીકાર્પેટનું કામ કરવામાં આવ્યું તે વખતે વિજીલન્સ ટેક દ્વારા થયેલ નિરીક્ષણમાં એવું ધ્યાને અઆવ્યું હતું કે, રીકાર્પેટ પર પ્રોપર રોલિંગ કરવામાં આવ્યું નથી. આ બાબત મ્યુનિ. કમિશનરશ્રીના ધ્યાને મુકવામાં આવતા કોન્ટ્રાક્ટ એજન્સી શ્રી ઉદય કન્સ્ટ્રકશનના ખર્ચે જ રીસર્ફેસિંગ કરાવવા આદેશ કરવામાં આવેલ છે.

(જન સંપર્ક અધિકારી)

રાજકોટ મહાનગરપાલિકા